# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - 3

## પર્યાવરણ (પ્રથમ સત્ર)





આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જૂન જુલાઈ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:
૧. પૂનમે શું જોયું ?

**અધ્યયન નિષ્પતિ :**
– પોતાના આસપાસ ના વાતાવરણમાં જોવા મળતા જીવજંતુઓ અને તેના સામાન્ય લક્ષણો (જેમ કે આવન – જાવન એવા સ્થાન કે જય તે જોવા મળે છે કે તે ત્યાં રહેતા હોય અથવા રાખવામાં આવતા હોય ભોજનની તેવો અને તેમના જ આવજો) ના આધારે ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
– આસપાસ જોવા મળતા પંખીઓ, જીવજંતુઓ પ્રાણીઓની યાદી તૈયાર કરવી.
– પશુ – પંખીના અવાજની નકલ
– પશુ – પંખીના આવન જવાનની રીતનું અવલોકન
– પ્રાણીઓન રહેઠાણ
– પશુ – પંખીનું વર્ગીકરણ
– જીભથી પાણી પિતા હોય અને હોઠ થી પાણી પિતા હોય તેવા પ્રાણીઓ

**શૈક્ષણિક સાધન :**
– ચાર્ટ (પશુ, પંખી, જીવ – જંતુના)

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓને આસ પાસ જોવા મળતા પંખીઓ, પ્રાણીઓ, જીવજંતુઓ વિષે પૂછી યાદી તૈયાર કરવા જનવીશ. પશુ / પંખી / જીવ જંતુઓના આવજની નકલ કરાવીશ. 'પક્ષી – પંખી ના આવન – જવાન (હલન ચલણ) ની રીતનું અવલોકન કરાવીશ. વિદ્યાર્થીઓ તે વિષે જણાવશે. પ્રાણીઓના રહેઠાણની નોંધ કરાવીશ. હલન ચલણને આધારે પ્રાણીઓની યાદી બનાવવા જનવીશ. જીભથી પાણી પિતા હોય અને હોઠ થી પ્રાણી પિતા હોય તેવા પ્રાણી ઓ અલગ તરવવાની પ્રવૃતિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**
– પ્રવૃતિ : રંગ પૂતો
– પ્રાણી ઓના અધૂરા ચિત્રો પૂર્ણ કરી રંગ પુરવા જનવીશ.
– શોધો અને લખો પ્રશ્નોના આધારે નામ શોધી o કરો
– જોયેલા પ્રાણીઓને તેમના કદ ના આધારે ગોઠવો.
– રમત : કોયડાની રમત
– ફન પેજ ની મદદ વડે ચિત્ર ચિપકાવો.

**મૂલ્યાંકન**
– પ્રશ્નોના ઉત્તરો લખવા જનવીશ.

**જૂન જુલાઈ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:
૨. વનપરી

**અધ્યયન નિષ્પતિ :**
– સામાન્ય રૂપે અવલોકન દ્વારા ઓળખી શકાય તેવા લક્ષણો (આકારો, રંગ, બનાવટ, ગંધ) ના આધારે પોતાના આસપાસના વાતાવરણમાં ઉપલબ્ધ વૃક્ષોના પર્ણો, ડાળીઓ અને છાલને ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
– આસપાસ જોવા મળતા વનસ્પતિઓ, વૃક્ષોની ઓળખ
– વનસ્પતિના પર્ણો, ડાળીઓ અને છાલ ની ઓળખ
– પર્ણ ના રંગ, આકાર અને કિનારની ઓળખ
– પાંદડા લીલા પીળા.. ગીતનું ગાન
– પર્ણોની ગંધને આધારે ઓળખ

**શૈક્ષણિક સાધન :**

– વનસ્પતિઓ ના ચાર્ટ્સ

– વનસ્પતિઓના પર્ણો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પર્યાવરણમાં આસપાસમાં જોવા મળતા વનસ્પતિ, છોડ, વેલા, વૃક્ષોની ઓળખ કરાવીશ. રંગ, ગંધ, આકારનો પરિચય કરાવીશ. વનસ્પતિના પર્ણો, ડાળીઓ અને છાલ ની ઓળખ વિવિધ પ્રવૃતિ દ્વારા કરાવીશ. પર્ણોના રંગ, આકાર અને કિનારની ઓળખ કરાવીશ. "પાંદડા લીલા પીળા" ગીતનું વિદ્યાર્થીઓને ગાન કરાવીશ. વિદ્યાર્થીઓ ગાન કરશે. પર્ણોની ગંધ ને આધારે ઓળખ કરાવીશ. બાળકોને વૃક્ષ સાથે મિત્રતા કરવા તેમણે પાણી પીવા તેમનું ધ્યાન રાખવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– પ્રવૃતિ : પાંદડા માંથી ચિત્રો બનાવવા

– પાંદડા અને ફુલમાં મનપસંદ રંગ પૂરો

– પર્ણો ની છાલ ઉપાસવવી

– વૃક્ષોની થડની છાલ ઉપાસવવી

– ચિત્રોમાં શું શું દેખાય છે તેના નામ લખો.

**મૂલ્યાંકન**

– પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જૂન જુલાઈ માસનું પાઠ આયોજન
## ધોરણ : 3 વિષય : પર્યાવરણ

**પાઠનું નામ**:

૩. પાણી જ પાણી

**અધ્યયન નિષ્પતિ :**

– જુદી જુદી વયજૂથની વ્યક્તિઓ જીવ જંતુઓ અને વનસ્પતિ છોડ માટે પાણી તથા ભોજનની ઉપલબ્ધીઓ ઘર તથા વાતાવરણમાં પાણીના ઉપયોગનું વર્ણન કરશે.

**શૈક્ષણિક મુદ્દા :**

– "પાણી અણમોલ છે" ગીતનું ગાન

– પાણીની જરૂરિયાત

– પાણીના સ્ત્રોત

– પાણી સંગ્રહ કરવાની જરૂરિયાત

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સમક્ષ "પાણી અણમોલ છે" ગીતનું ગાન કરીશ. વિદ્યાર્થીઓ સમૂહગાન કરશે. પાણીની જરૂરિયાત વિષે જણાવીશ. ચર્ચા કરીશ. પાણી ક્યાંથી મળે છે તેના સ્ત્રોતો જણાવી ચર્ચા કરીશ. પાણીને સંગ્રહ કરવાની જરૂટિયાત અને રીતો વિષે ચર્ચા કરીશ. પાણી સંગ્રહ કરવા વપરાતા હોય તેવા પત્રોની ચર્ચા કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– પ્રવૃતિ : પાણીનો સંગ્રહ કરવા વપરાતા વાસણમાં રંગપૂરો

– જ્યાંથી પાણી મળી આવે છે તેના નામ શોધો

રમત : રંગની રમત

**મૂલ્યાંકન**

– પ્રશ્નોના ઉત્તર લખવા જણાવીશ.

## જૂન જુલાઈ માસનું પાઠ આયોજન
## ધોરણ : 3 વિષય : પર્યાવરણ

**પાઠનું નામ**:

૪. છોટુ નું ઘર

**અધ્યયન નિષ્પતિ :**

– પોતાના ઘર (જુદા જુદા પ્રકારના ઘર) ને ઓળખે છે.

– પરિવારના સભ્યોની સાથે પરસ્પર સબંધોને સમજે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ચિત્રનું અવલોકન અને તેના આધારે પ્રશ્નોત્તરી

– જુદા જુદા પ્રકારના ઘરની ઓળખ
– ઘર ના સભ્યોની માહિતી
– ઘર માં પ્રાણીઓનો પણ સમાવેશ
– જોડકાનનું ગાન
– ઘરની સ્વચ્છતા
– ઘરની સજાવટ

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકમાં આપેલા છોટુના ઘરના ચિત્રનું અવલોકન કરાવીશ. વિદ્યાર્થીઓ ચિત્રોનું અવલોકન કરશે. પ્રશ્નો પૂછીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. વિવિધ પ્રકારના ઘરની ઓળખ કરાવીશ. ચર્ચા કરીશ. ઘરના સભ્યોની માહિતી મેળવશે. પરિવારના સભ્યો સાથે કેટલાક પ્રાણીઓ ઘરમાં છે તેની ચર્ચા કરીશ. "ઘર પ્રિય ઘર" વિષે ના જોડકાનનું ગાન કરીશ. વિદ્યાર્થીઓ સમૂહગાન કરશે. વિદ્યાર્થીઓને ઘરની સ્વચ્છતા રાખવા માટે શું કરવું જોઈએ તે જણાવીશ. ઘરની સજાવટ કરવા શું કરવું જોઈએ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– પ્રવૃતિ : ઘરનું ચિત્ર દોરો અને રંગ પૂરો
– ઘરમાં જોવા મળતા અન્ય બે જીવના ચિત્રો દોરો

**મૂલ્યાંકન**

– સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**જૂન જુલાઈ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ:**

૫. એક શાળા

**અધ્યયન નિષ્પતિ :**

– પરિવારના સભ્યોની સાથે પરસ્પર સબંધોને સમજે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– કુટુંબના સભ્યોની ઓળખ
– કુટુંબના બે સભ્યો વચ્ચેનો સબંધ
– કુટુંબના સભ્યો વચ્ચેની સમાનતા
– કુટુંબના (ઘર) ના કામમાં મદદ
– કુટુંબ પાસે થી શું શીખ્યા ?
– ઘરના નિયમોનું પાલન
– કુટુંબના સભ્યોનો સ્વભાવ
– વડીલો પાસે થી વાર્તાઓ રમૂજી ઘટનાનું શ્રવણ

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ પાસે કુટુંબમાં કોણ કોણ છે ? તેઓના નામ અને સબંધ વિષે માહિતી મેળવી નોંધ કરાવીશ. કુટુંબના બે સભ્યો વચ્ચેનો સબંધ ની નોંધ કરવા જણાવીશ. કુટુંબના સભ્યો વચ્ચેની સમાનતા હોય તો તેના વિષે માહિતી મેળવીશ. કુટુંબના (ઘર) કામમાં તમે કયા કયા કામમાં મદદ કરો છો તે અંગે ચર્ચા કરીશ. ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા કુટુંબ પાસે થી શું શીખ્યા તે અંગે માહિતી મેળવીશ. દરેક ઘરમાં અમુક નિયમોનું પાલન કરવું પડે છે તેની માહિતી મેળવીશ. ચર્ચા કરીશ. કુટુંબના સભ્યોમાં વડીલોને કેવી રીતે માં આપવું. સભ્યોના સ્વભાવ અંગે ચર્ચા કરીશ. વડીલો પાસે થી વાર્તાઓ, રમૂજી ઘટનાનું શ્રવણ કરવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– પ્રવૃતિ : કુટુંબના સભ્યો સાથેનો એકફોટો ચોંટાડો અથવા દોરો

– પ્રૉજેક્ટ : દૈનિક પત્રો, મેગેઝીન કે અન્ય સાહિત્ય માંથી કુટુંબના વિવિધ ફોટો એકત્રિત કરો.

**મૂલ્યાંકન**

– પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : ૩ વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ:**

૬. ખાદ્યા વિના ન ચાલે

**અધ્યયન નિષ્પતિ :**

– પોતાના ઘર / શાળા / આજુબાજુની વસ્તુ, સંજ્ઞાઓ, સ્થળો, પ્રક્રિયાઓ (લોકોનાં કાર્યો, ભોજન બનાવવાની પ્રક્રિયા વગેરે) ઓળખે છે.

– જુદી – જુદી વયજૂથની વ્યક્તિઓ માટે પાણી તથા ભોજનની ઉપલબ્ધિઓ ઘર તથા વાતાવરણમાં વર્ણન કરે છે.

– સમાનતાઓ / અસમાનતાઓ (ભોજન – પસંદ / નાપસંદ) અનુસાર વસ્તુઓ ઓળખીને તેનો સમૂહ બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– વિદ્યાર્થીઓ દ્વારા ગઈ કાલે લીધેલા ભોજનની રજૂઆત

– વિપુલના કુટુંબના સભ્યોના ખોરાક અંગે ચર્ચા

– શું ખાઈ શકે અને શું ખાઈ ન શકે ?

– ભાવતી વસ્તુઓ

– ખોરાક વિવિધ વસ્તુઓથી બનેલો છે તે અંગે ચર્ચા

– ચોખા અને ઘઉંમાંથી બનાવી શકાય તે વસ્તુઓ

– જમવામાં પસંદ – નાપસંદ હોય તેવી વાનગીઓ

– લોકોને શું – શું ખાવું ગમે છે ? તે અંગે ચર્ચા

– ખાઈ શકાય તેવી વસ્તુઓ

– કયારેય ખાધી ન હોય પરંતુ ખાવા ઈચ્છતા હો તેવી વસ્તુઓ

**શૈક્ષણિક સાધન :**

– ચાર્ટ્સ

– ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત ગઈકાલે લીધેલા ભોજનની રજૂઆત કરાવીશ. વિચારો અને કહો ના પ્રશ્નોના ઉત્તરોની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. વિપુલના કુટુંબના સભ્યોની માહિતી આપી. તેઓએ લીધેલા ભોજન વિશે ચર્ચા કરીશ. તેના આધારે આપેલા પ્રશ્નોની ચર્ચા કરીશ. ઘરમાં બાળક, યુવાન અને વુદ્ધ શું ખાઇ શકે અને શું ખાઇ ન શકે તે વિશે ચર્ચા કરાવીશ. વિદ્યાર્થીઓ પાસે ભાવતી વસ્તુઓની યાદી બનાવવા જણાવીશ. ખોરાક વિવિધ વસ્તુઓથી બનેલો છે તે વિશે માહિતી આપીશ. ચોખા અને ઘઉંમાંથી બનાવી શકાય તે વસ્તુઓની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને જમવામાં પસંદ હોય અને નાપસંદ હોય તેવી વાનગીઓની માહિતી મેળવીશ ચર્ચા કરીશ. લોકોને શું – શું ખાવું ગમે છે ? તે માટે આપેલ વિવિધ રાજયોની માહિતીની ચર્ચા કરીશ. આપેલી વસ્તુઓની સામે જે ખાઇ શકાય તેની સામે √ ની નિશાની કરવા જણાવીશ. કયારેય ખાધી ન હોય પરંતુ ખાવા ઈચ્છતા હો તેવી વસ્તુઓની યાદી બનાવવા જણાવીશ. ચર્ચા કરીશ.

**પ્રવૃતિ/ પ્રૉજેક્ટ/ પ્રયોગ**

- પ્રવૃત્તિ : તમને ભાવતી વસ્તુઓ વિશે યાદી) બનાવવા જણાવીશ.

– ઘરે રસોઈમાં બનાવતાં હોય તેવી વાનગીઓની યાદી બનાવો.

**મૂલ્યાંકન**

– સ્વાધ્યાયમાં આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી લખવા જણાવીશ

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૭. અનોખો સંવાદ

**અધ્યયન નિષ્પતિ :**

– મૌખિક / લેખિત કે અન્ય પ્રકારે પરિવારના સભ્યોની ભૂમિકા પરિવારનો પ્રભાવ (ગુણ, લક્ષણ, આદત (ટેવો), વ્યવહાર) અને સાથે રહેવાની જરૂરીયાતનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ચિઠ્ઠીમાં લખેલા પરિસ્થિતિ મુજબ મૂક અભિનય

– ચિત્રનું અવલોકન

– આપણી વિશેષતાઓ

– "મારી બહેન સાંભળી શકતી નથી" વાર્તાનું વાંચન.

– ચિત્રો પૂર્ણ કરી રંગ પૂરો.

– વિવિધ ભાવ

– વિવિધ મુદ્રાઓ

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– વિદ્યાર્થીઓને ચિઠ્ઠીમાં લખેલ પરિસ્થિતિ મુજબ મૂક અભિનય કરાવીશ. તેના આધારે પ્રશ્નોત્તરી કરી ચર્ચા કરીશ. ચિત્રનું અવલોકન કરાવીશ. તેના આધારે ચર્ચા કરીશ. આપણા દરેકમાં જે વિશેષતાઓ રહેલી છે તે વિશે ચર્ચા કરીશ. "મારી બહેન સાંભળી શકતી નથી" વાર્તાનું વાંચન કરીશ. ચેહરાના હાવભાવ આંખોના ઈશારાથી પણ વાતચીત થાય છે તે અંગે ચર્ચા કરીશ. આપેલા ચિત્રોમાં મોં, આંખ, નાક વિવિધ ભાવ બનાવી રંગ પૂરવા જણાવીશ. આપેલા આકૃતિ મુજબ મુદ્રાઓ કરાવીશ. નૃત્યની થોડી વધુ મુદ્રાઓની પ્રેક્ટીસ કરાવીશ. ચિત્રો જોઇ વાર્તા બનાવાવ જણાવીશ. વાતવર્ગમાં કહેવા જણાવીશ. વિદ્યાર્થીઓ વાત કહેશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- રમત : આપેલ ચિઠ્ઠીમાં લખેલ પરિસ્થિતિ મુજબ મૂક અભિનય કરો.

– પ્રવૃત્તિ : ઘરે છ થી આઠ મહિનાના બાળકનું અવલોકન કરાવીશ.

– આપેલા ચિત્ર પૂર્ણ કરી રંગ પૂરો (વિવિધ ભાવ, આંખ, નાક, મો) વાર્તા ચિત્ર એકત્રિત કરવા જણાવીશ.

**મૂલ્યાંકન**

– વિવિધ ભાવો દર્શાવતા મૂક અભિનય કરાવીશ.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૮. ફરરર......

**અધ્યયન નિષ્પતિ :**

– સમાનતાઓ / અસમાનતાઓ (જેમ કે રંગરૂપ / રહેઠાણ / ભોજન / આવન – જાવન / પસંદ – નાપસંદ / કોઈ અન્ય લક્ષણો) અનુસાર (વસ્તુઓ , પક્ષીઓ, જીવજંતુઓ) લક્ષણો, પ્રવૃત્તિઓના જુદા – જુદા સાંગિક અંગોના ઉપયોગ દ્વારા ઓળખીને તેનો સમૂહ બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ઉખાણાંનું કથન
– ઉખાણાંનો જવાબ ચિત્રો દ્વારા
– પક્ષીઓની લાક્ષણિકતાઓ
– જોયેલા પંખીઓ કયાં જોયાં છે તે અંગે ચર્ચા
– પક્ષીઓના ચાંચનું અવલોકન
– પક્ષીઓનો ખોરાક
– પક્ષીઓના હલન ચલનની રીતો
– પક્ષીઓનાં પીછાંઓ
– કૂકડો બનાવવાની પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

– ચાર્ટ (પશુ, પંખી, જીવ – જંતુના)

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ઉખાણાંનું કથન કરીશ. વિદ્યાર્થીઓ પાસે ઉખાણાંનો જવાબ મેળવવા પ્રયત્ન કરીશ. ત્યારબાદ પાઠ્ય પુસ્તક માં આપેલા ચિત્રોને આધારે જવાબ મેળવવા પ્રયત્ન કરીશ. પક્ષીઓની લાક્ષણિકતાઓની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓએ જોયેલા પક્ષીઓ કયાં કયા હોય છે તે અંગે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓમાં પક્ષીઓના ચાંચનું અવલોકન કરાવીશ. ચર્ચા કરીશ. વિવિધ પક્ષીઓના ખોરાક વિશે ચર્ચા કરીશ. પક્ષીઓનાં પીછાંઓના રંગ, આકાર, કદ વિશે અવલોકન કરાવી માહિતી આપીશ. કૂકડો બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. વિદ્યાર્થીઓ જૂથના પ્રવૃત્તિ કરશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- પ્રવૃત્તિ : તમારી આસપાસ જોવાં મળતા પક્ષીઓની યાદી બનાવો.
– પ્રવૃત્તિ : કોઈપણ એક પંખીનું ચિત્ર દોરી રંગ પૂરો.
– પ્રોજેક્ટ : પક્ષીઓનાં પીછાંઓ ચોટાડી પક્ષીઓના નામ લખો.

**મૂલ્યાંકન**

– સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૯. આવ રે વરસાદ

**અધ્યયન નિષ્પતિ :**

– જુદી જુદી વયજૂથની વ્યક્તિઓ જીવજંતુઓ અને વનસ્પતિ છોડ માટે પાણી તથા ભોજનની ઉપલબ્ધિઓ, ઘર તથા વાતાવરણમાં પાણીના ઉપયોગનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– પાણીના સ્ત્રોતો – નદી, તળાવ, વરસાદ, કૂવો
– પાણીના સ્ત્રોતો ઉપયોગ
– જીવન સૃસ્ટી પાણી કયા થી મેળવે છે.
– "આવ્યા વાદળ જાદુ લઈને" ગીતનું ગયાં,તેના આધારે પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા
– પ્રવૃતિ – કાગળની હોડી બનાવવી
– વરસાદના અનુભવ દર્શાવતું ચિત્ર દોરો.

**શૈક્ષણિક સાધન :**

– ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તક માં આપેલ "અપ્પુ કેળાં કહે છે" તે વર્તનું કઠણ કરી સંભળાવિશ. પાણી ના સ્ત્રોતો વિષે જણાવીશ. પાણીના ઉપયોગોનું મહત્વ સમજાવીશ ચર્ચા કરીશ. પશુ પક્ષીઓ – જીવજંતુઓ, વૃક્ષો, પાણી કયા થી મેળવે છે તે અંગે ચર્ચા કરીશ. "આવ્યા વાદળ જાદુ લઈને" ગીતનું ગયાં કરીશ. તેને આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.

"વિદ્યાર્થીઓ ઉત્તરો આપશે. કાગળની હોડી બનવડાવીશ. વિદ્યાર્થીઓ કાગળ માંથી હોડી બનાવશે વાદલના અનુભવો દર્શાવતું ચિત્ર દોરવા જણાવીશ. વિદ્યાર્થીઓ ચિત્ર દોરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– તમે પાણી કયા કયા વાપરો છો ? તે જણાવો.

– કાગળ માંથી હોડી બનાવવી.

– વરસાદના અનુભવનું ચિત્ર દોરી રંગ પૂરો.

**મૂલ્યાંકન**

– પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૧૦. રસોડાની વાત

**અધ્યયન નિષ્પતિ :**

– સમાનતાઓ, અસમાનતાઓ (જેમ એ ભોજન) અનુસાર વસ્તુઓના ઉપયોગ દ્વારા ઓળખી ને તે નો સમૂહ બનાવે છે.

– વર્તમાન અને પહેલા (વડીલોના સમયની) વસ્તુઓ અને પ્રક્રિયાઓ (જેમ કે વાસણ) માં ભેદ સમજે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ઓવર લેપીંગ કરેલ વાસણોના ચિત્રોમાં રંગ પૂરો

– ઘર માં રસોઈ બનાવવા હોય તેવા વાસણોની ચર્ચા

– ખોરાક રાંધવાની રીતનું વર્ણન

– વિવિધ વાનગીઓ બનાવવાની રીત

– રસોઈ બનાવવામાં વપરાતું ઈંધણ

– મગ ને ફણગાવવાનો પ્રયોગ, તેમાંથી વાનગી બનાવવી.

– રાંધ્યા વગર શું શું બનાવી શકાય તેની નોંધ

**શૈક્ષણિક સાધન :**

– **શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ઓવર લેપીંગ કરેલ ચિત્રોમાં ટપાકા દેખાય છે. ત્યાં રંગ પુરવીશ. ઉપસેલા ચિત્રોની નોંધ કરાવીશ. ઘર માં રસોઈ બનાવતા હોય તેવા વાસણો નોંધી લાવવા જણાવીશ. વાસણો શેન બનેલા છે ? તે ચર્ચા કરી નોંધ કરવિશ. રોટલી કેવી રીતે બને છે તે અંગે ચર્ચા કરીશ. આપેલ વાનગી બનાવવાની રીત દ્વારા કઈ કઈ વાનગી બનાવી શકાય તેની ચર્ચા કરાવીશ. આપેલ રસોઈ બનાવવાના સાધનોમાં જે ઈંધણ વાપરે તેને ચિત્ર સાથે જોડો. ફણગાવેલા મગ કેવી રીતે તૈયાર થાય છે તેનું પ્રયોગ દ્વારા સમજણ આપીશ. તૈયાર થયેલા મગમાં ડુંગળી, ટામેટાં, મીઠું અને લીંબુ નો રસ ઉમેરી વાનગી તૈયાર કારવડાવીશ. તે વાનગી ખાવા જણાવીશ. રાંધ્યાવગર શું શું બનાવી શકાય તેની નોંધ કરાવીશ. ચર્ચા કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– ઓવર લેપીંગ કરેલા વાસણો ના ચિત્રોમાં રંગ પૂરી વાસણો ઓળખી નોંધ કરો.

– ઘરે રસોડા માં જય રસોઈ બનાવવાની રીતનું અવલોકન કરો. તેના આધારે આપેલ માહિતી નોંધો.

**મૂલ્યાંકન**

– પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૧૧. આપણા વાહનો

**અધ્યયન નિષ્પતિ :**

– પોતાના આજુબાજુ ની વસ્તુઓ (વાહન – વ્યવહારના વાહનો) ને ઓળખે છે.

– વર્તમાન અને પહેલા (વડીલોના સમયની) વસ્તુઓ અને પ્રક્રિયાઓ માં ભેદ સમજે.

**શૈક્ષણિક મુદ્દા :**

– "આગગાડી" ગીતનો અભિનય સાથે ગાન

– ગીત ને આધારે પ્રશ્નોત્તરી

– અલગ અલગ સ્થળો એ ફરવા માટે ઉપયોગ માં લેવામાં આવતા વાહનો

– ઘરે થી અલગ અલગ સ્થળો કેવી રીતે જશો તેની ચર્ચા

– વાહનોના ઉપયોગો

– વાહનોમાં સમયે સમયે આવેલા બદલાવ

– આગગાડી બનાવવાની પ્રવૃતિ

– વાહનોના અવાજ પર થી વાહનો ઓળખવા

– ચિત્રનું અવલોકન અને તેના આધારે પ્રશ્નોત્તરી

– ચિત્રો સાચા ક્રમમા દોરો

– વાહનોના ચિત્રો એકત્રિત કરવા

**શૈક્ષણિક સાધન :**

– વાહનોના ચાર્ટ

– વાહનોના વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની સમક્ષ "આગગાડી" ગીતનું અભિનય સાથે ગાન કરાવીશ. વિદ્યાર્થીઓ ગીતનું અભિનય સાથે ગાન કરશે. તેના આધારે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરીશ. વેકેશનમાં વિદ્યાર્થીઓ અલગ અલગ સ્થળોએ કયા વાહનોમાં ફરવા ગયા હતા તે વાત કરીશ. તમારા ઘરે થી તમે અલગ અલગ સ્થળોએ કેવી રીતે જશો તેની ચર્ચા કરાવી નોંધ કરાવીશ. આપેલ ચિત્રોની સામે વાહનોના ઉપયોગ ચર્ચા કરી લખવા જણાવીશ. વાહનોના પૈડાની સંખ્યા લખી તેના ઉપયોગ લખવા જણાવીશ. વડીલોની મદદ થી મેળવેલી માહિતી ને વાહનો માં સમયે સમયે આવેલ બદલાવ વિષે. માહિતી લાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ માહિતી એકત્રિત કરશે. આગગાડી બનાવવાની પ્રવૃતિ કરાવીશ. દિવાસળીના ખાલી ખોખ મથિવીદ્યાર્થીઓ આગગાડી બનાવશે. આપેલ વાહનોના આવાજ પરથી

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– તમે જોયેલા વાહનોની યાદી બનાવો.

– વડીલો પાસેથી વાહનોમાં સમયે સમયે થયેલા બદલાવની માહિતી એકત્રિત કરવી.

– ખાલી દિવાસળીના બોક્સ ના ઉપયોગ થી આગગાડી બનાવવી.

**મૂલ્યાંકન**

–

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**

**ધોરણ : ૩ વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ:**

૧૨. આપણા કામ

**અધ્યયન નિષ્પતિ :**

– પોતાના ઘર, શાળા, આજુબાજુ ના સ્થળો, પ્રક્રિયાઓ (લોકોના કર્યો) ને ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ચિત્રોનું અવલોકન

– અલગ અલગ લોકોના કામ

– આસ પાસ પાડોશ ના લોકો કેવા કામ કરે છે ? તે અંગે ચર્ચા

– આપેલ યાદી માંથી બહુમાળી મકાનો પર કરો. મકાન માં કયા કયા કામ થાય છે તે અંગે ચર્ચા.

– ચિત્રોનું અવલોકન અને તેના આધારે પ્રશ્નોત્તરી

– દિપાલી ના પ્રસંગ નું કથન

– વિવિધ ક્રિયાનો સમય ઘડિયાળમાં નોંધાવો
– ઘર ના સભ્યો કયા કયા કામ કરે છે . – શાળાએ ન જતાં હોય તે બાળકોની માહિતી તૈયાર કરવી.

**શૈક્ષણિક સાધન :**

– ચાર્ટ્સ
– ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ દ્વારા પાઠ્ય પુસ્તક માં આપેલ ચિત્રોનું અવલોકન કરાવીશ. તેના આધારે આપેલ માહિતીનું વાંચન કરાવીશ. તેના આધારે આપેલ માહિતીનું વાંચન કરાવીશ. ચિત્રોના આધારે અલગ અલગ લોકો શું કામ કરી રહ્યા છે તે લખાવીશ. આસપાસ પાડોશ ના લોકો કેવા કામ કરે છે તે લખી. આ કારીગરો ને શું કહેવાય તે નોંધાવીશ. આપેલ યાદી માંથી બહુમાળી મકાનો પર કરવા જણાવીશ. તેમાંથી પાંચ મકાનના નામ અખાવી તેમ કયા કયા કામ થાય છે તે લખાવીશ. ચિત્રોમાં અવલોકન કરવી આપેલ પ્રશ્નો પૂછીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. દિપાલીના પ્રસંગનું કથન કરીશ. તેના આધારે પ્રશ્નના ઉત્તરની ચર્ચા કરીશ. નીચે આપેલી વિવિધ ક્રિયાઓ દિવસ ના કયા સમયે કરો છો તે ઘડિયાળમાં નોંધાવીશ. ઘર ના સભ્યો કયા કામો કરે છે ? તે પૈકી કયા સભ્યો પૈસા કામવાનું કામ કરે છે તે નોંધાવીશ. ઘરના વડીલો પાસેથી તેઓ બાળક હતા ત્યારે કયા કામ કરતાં હતા તે જાણી લાવવા જણાવીશ. આજુ બાજુ પાડોશમાં છ વર્ષ સુધીનું બાળક શાળાએ ન જતાં હોય તેની વિગત લખી કેવી શાળા ગમે તે અંગે નોંધ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– પ્રવૃતિ : વિવિધ કારીગરોના ચિત્રો એકત્રિત કરો.

– પ્રવૃતિ : ઘરના કયા સભ્યો ઘરના કામ કરે છે અને બીજા કયા કામ કરે છે તે જાણવા જણાવીશ.

**મૂલ્યાંકન**

– પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી ઉત્તરો લખવા જણાવીશ.

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૧૧. વાડી માં

**અધ્યયન નિષ્પતિ :**

– આસપાસ જોવા મળતી વનસ્પતિ ના મૂળ, ફૂલ અને ફાળો ના સદા લક્ષણો ( જેવા કે આકાર, રંગ, સુગંધ તે કયા ઊગે છે તેમજ અન્ય બાબતો વગેરે ને ) ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– અલગ અલગ શાકભાજીના છોડ, ફૂલ, વેળા, અનાજ, કઠોળના છોડનું અવલોકન તથા ઓળખ
– જુદા જુદા રંગના ફૂલ તેની ઓળખ
– અલગ અલગ જગ્યાએ ખિલતા ફૂલ તેના અવલોકન દ્વારા તમામ માહિતી
– ફૂલોનો ઉપયોગ
– ફૂલના રૂપ, કિંમત
– વિવિધ વૃક્ષો, છોડ તથા શાકભાજી ને જોઈ અનુમાન
– વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણી

**શૈક્ષણિક સાધન :**

– શાકભાજીનો ચાર્ટ
– અનાજ, કઠોળનો ચાર્ટ નમૂના
– પાકીટ, બેગ પર ભારત ગૂંથણ – ફૂલપોથી

– બીજ, પીજેલુરુ, વાટકા
– રબર બેન્ડ, પ્યાલો
– મોબાઈલમાં વિડીયો ચિત્રો દ્વારા ફૂલોનું નિદર્શન

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– વાડી ના પ્રકરણ માં રતન તેના દાદાની વાડી માં ફૂલ, છોડ, શાકભાજીના છોડ, વેલા, અનાજ – કઠોળ ના છોડ વૃક્ષનું અવલોકન કરવા લાગ્યો. વિદ્યાર્થીઓ ને વર્ગ માં તેમણે જોયેલા ફૂલ, છોડ, વૃક્ષના નામ પૂછીશ. તેના વિષે જે જાણકારી હોય તે વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ બોલવા કહીશ. ફૂલોનો ચાર્ટ બતાવી તેના રંગ તથા નામ બોલવા વિદ્યાર્થીઓને કહીશ. તે ન જાણતા હોય તેવા નામ તેમણે જણાવી તેની માહિતી આપીશ. ફૂલોના કેટલા રંગ જોયા છે તે રંગ ના નામ લખવી વર્ગમાં ટહેલ કે પાકીટ લાવી તેના પર ભારત ગૂંથણ ની ફૂલોની ભાત બતાવી કરછ ની વાત કરીશ. પુસ્તક માં આ ફૂલના ચિત્રો બતાવી તે કયા કયા ફૂલો ઓળખે છેતે પૂછીશ અને ના ઓળખાતા ફૂલોના નામ તેમને કહીશ.

– જુદી જુદી જગ્યાએ ખિલતા ફૂલના નામ જણાવવા વર્ગ માં કહીશ. જેમકે વૃક્ષ – છોડ વેલા વગેરે ફૂલ લઈ તેનું અવલોકન કરવા વિદ્યાર્થીઓને કહીશ. જેમ કે કેટલી પાંદડી ઓ, રંગ, સુગંધ, પર્ણ વગેરે જોવા જણાવીશ. અને બોલાવીશ. છોડ પર નિકળ્યાનું અવલોકન કરવી કડિયોનું અવલોકન કરાવીશ. શાળાના બગીચા માં વિદ્યાર્થીઓને જુદા – જુદા ફૂલની કડીયો વિષે જોવા બોલવા કહીશ. ત્યાર બાદ ફૂલોનો ઉપયોગ વિષે વર્ગમાં વાત કરીશ. તેના ઉદાહરણ આપી ઊંડાણ પૂર્વક સમજ આપીશ. ફૂલ કયા કયા રૂપમાં વેચાય છે જેવા કે હર, છડી વગેરે બીજા ઉપયોગ તેની કિંમત વિષે બોલવા કહીશ. તેમણે સમજ આપીશ. ફૂલને સમાચાર પત્રમાં ફેલાવી તેને સૂકવીને છાપકામ ચિત્રકામ એવી પોથી બનાવવાની પ્રવૃતિ કરવી ફૂલોને લગતા પ્રશ્નો વિષે ચર્ચા કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– ફૂલપોથી બનાવવાનો પ્રોજેક્ટ
– ફૂલોના કાર્ડ બનાવવાની પ્રવૃતિ
– બીજને પાણીથી ભરેલા
– વાટકા માં દુવાદી રાખવાની પ્રવૃતિ

**મૂલ્યાંકન**

– વેલા. છોડ, વૃક્ષના નામ લખો
– અનાજ, કઠોળ ના ત્રણ નામ લખો
– તમે ઓળખાતા ૧૦ ફૂલો ના નામ લખો
– ફૂલોના કયા કયા ઉપયોગ થાય છે ?
– મગ, ઘઉં, વગેરે થી પ્રવૃતિ કરતાં શું પરિણામ મળ્યું ?
– ફૂલ વેચનાર કયાંથી ફૂલો લાવે છે ?

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિદ્યાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.

shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education





**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**